


શ્રી માતા સામુદ્રી અમારો વિજય કરો.



શ્રી વીસા સોરઠીઆ જ્ઞાનવર્ધક મંડળ તરફથી

કન્યા કેળવણી ઉત્તેજનાર્થે ખાસ

સાસરે જાતી પુત્રીને માતા તરફની

શીખામણ.








કર્તા,

વૈદ્ય જટાશંકર લીલાધર.



સુધારા વધારા સાથે,

પ્રકાશક,

શ્રી વીસા સોરઠીઆ જ્ઞાનવર્ધક મંડળ. તરફથી

હરજીવન હીરજી ખીમાણી તથા **જમનાદાસ ધારશી શાહ**, ઓ. જો. સેક્રેટરીઓ.

ઠે૦ ગાંજાવાળાનો માળો, ગુલાલવાડી, મુંબઈ ૪.

આવૃતી પહેલી.

સંવત ૧૯૭૪.] પ્રત ૧૩૦૦ [ઈ. સ. ૧૯૧૭-૧૮.

શ્રીકૃષ્ણ પ્રિન્ટીંગ પ્રેસમાં રતિલાલ હરજીવનદાસ પટેલે છાપ્યું,

નં. ૯ અનંતવાડી-મુંબઈ-૨

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કોપીરાઈટ-સંગ્રહ
૭૩. ૪૯

સાખી.

પતિવૃતા વૃત જ્ઞાતિમાં, પ્રસરે ઘર ઘર જેમ,
મંડળ ઈચ્છે સર્વદા, વધે કેળવણી કેમ;
કેળવણીનો અર્થ એ, એજ અર્થનો સાર,
એ ભણતર ભણવા થકી, સુધરે આ સંસાર.

---o---

સાર્દુલ વિક્રીડિત.

નિજ પતિ વિષે મતી નીશદીને, રાખો ખરા પ્રેમથી,
એથી ઉત્તમ અન્ય ધર્મ મહિલા, માનો બીજો કો નથી;
ચાલે ચોંપ થકી સદાચરણમાં, સૌભાગ્યથી શોભતી,
સ્વામીને સુખ આપવા પ્રતી દીને, રાખે સદા સન્મતી.

---o---

ગીતિ.

પતિવૃતા વૃત પાળે, પ્રેમદા પોતે હશે સદા શાણી,
જન્મ સફળ છે તેનો, જ્ઞાન મંડળ વદે એમ વાણી.

---o---

પુત્રી સુધારો પ્રેમથી, અંતે થાશે માત,
ધર્મ કર્મને ઓળખી, પ્રજા થશે પ્રખ્યાત;
લોટ ધઉંનો કેળવે, ભોજન વિધ વિધ ભાત,
સ્ત્રી કેળવણીથી થશે, "ગૃહ" ઉત્તમ સાક્ષાત.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૭૩૪૦ वर्गांक

पुस्तकनुं नाम સાસરે જતી પુત્રીને માતાની શિખામણ

विषय क૪૨૩૫૫

નિવેદન.

માનવંતા મહાશયો,

આજ સંવત ૧૯૭૪ ના નૂતન વર્ષના મંગળ પ્રભાતમાં આ મંગળ પુસ્તક, કે જે કન્યા કેળવણી ઉતેજનાર્થે પ્રગટ કરવામાં આવ્યું છે તે આપણી જ્ઞાતીની સ્ત્રી વર્ગના હસ્ત કમળમાં મુકતાં અતી આનંદ થાય છે. અને તે વિષે બે શબ્દો કહેવાની જરૂર વિચારીએ છીએ કે—

આ પુસ્તક અમારા મંડળના સભાસદ ભાઇ ગોવીંદજી નથુભાઇના વાંચવામાં આવ્યાથી તેઓએ આ મંડળને સુચના કરી કે આવું ઉપયોગી પુસ્તક જો આપણી જ્ઞાતિના મહિલા સમાજના હાથમાં મુકવામાં આવે તો અલબત તે ઘણું જ્ઞાન અને શીખામણ આપનારૂં સાધન થઈ પડશે માટે આ પુસ્તક કે જે વૈદરાજ જટાશંકર લીલાધરનું બનાવેલું છે તેની પાસેથી ખરીદ કરી આપણી જ્ઞાતીમાં દરેક ઘરે ભેટ તરીકે આપવું.

ઉપરની સુચના અમારા મંડળને વ્યાજબી લાગવાથી તેઓની દરખાસ્ત પાસ કરી અને તે કામ ભાઇ ગોવીંદજી નથુભાઇને સોંપવામાં આવ્યું. તેઓએ તપાસ કરતાં આ પુસ્તકની એક પણ નકલ કર્તા પાસે તૈયાર હતી નહીં અને તેથી વૈદરાજને વિનંતી કીધી કે જો આપ સાહેબ અમોને છપાવવાની પરવાનગી આપો તો અમો છપાવી અમારી જ્ઞાતિમાં ભેટ તરીકે આપવા માગીએ છીએ, તે ઉપરથી તે ભલા વૈદ્યરાજે પોતાની ઉદારવૃતી બતાવી આ પુસ્તક છપાવવાની પરવાનગી આ મંડળને આપી છે. તેથી તેમાં શબ્દ રચનામાં યોગ્ય સુધારા વધારા કરી છપાવવામાં આવ્યું છે. તો જેવા ઉત્સાહ અને લાગણીથી આ મંડળે આ લઘુ પણ ઉપયોગી પુસ્તક આપણી જ્ઞાતિની મહીલાઓના હાથમાં આપ્યું છે તેવાજ ઉત્સાહ અને લાગણીથી આ પુસ્તક વાંચી દરેક સ્ત્રી વર્ગ તેનો સારો ઉપયોગ કરશે તો આ મંડળે કીધેલો પ્રયાસ સફળ થએલો સમજશું. અને દરેક વર્ષે કન્યા કેળવણી અર્થે કાંઈ નવા નવા પ્રયાસો કરતા રહેશું, કેમકે યુરોપના મહાન યોદ્ધા નેપોલીયન બોનાપાર્ટના શબ્દો સુચવે છે કે. –

કહે નેપોલીયન દેશને, કરવા આબાદાન,
સરસ રીત તો એજ છે કે, દ્યો માતાને જ્ઞાન.

માતા પોતે જો ભણેલી અને કેળવાએલી હશે તોજ તે પોતાના પુત્ર અને પુત્રીઓને કેળવણી આપી સદગુણી બનાવી શકશે, માતા તરફથીજ સારા સંસ્કારો બાળકોના મગજમાં ઉતારી શકાય છે. અને ભવિષ્યની સદગુણી માતા બનવાને લાયક પણ કેળવાએલી માતાજ બનાવી શકે છે. માટેજ ચારે તરફ સ્ત્રી કેળવણીને માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે, તેવા સંજોગો વચ્ચે આ મંડળ તરફથી તેના જ્ઞાન વધારવાના ઉદ્દેશ અનુસાર યત્કિંચીત જે કાંઇ પ્રયાસ કરવામાં આવેલ છે, તેનો અમારા સુજ્ઞ બંધુઓ સ્વીકાર કરશો એવી આશા રાખીએ છીએ.

લી. સેવકો,

હરજીવન હીરજી ખીમાણી, જમનાદાસ ધારશી શાહ.

ઓ. જો. સેક્રેટરીઓ.—વી. સો. જ્ઞા. વ. મંડળ–મુંબઇ

શ્રી

અર્પણ પત્રિકા.

અમારી પુજ્ય જ્ઞાતી સમસ્ત—

ચાલુ જમાનાનો નીયમ ચાલતો આવે છે કે, દરેક નવિન પુસ્તક બહાર પાડવામાં આવે છે ત્યારે તેના આશ્રયદાતાને અર્પણ કરવામાં આવે છે. તો આ પુસ્તક બહાર પાડવામાં આશ્રય આપનાર જો કોઈ હોય તો તે અમારી જ્ઞાતીજ છે. કેમકે તેઓ આ મંડળને પોતાને ત્યાં આવતા શુભ પ્રસંગોએ કીમતી ભેટો આપી જ્ઞાતી હિતનાં કાર્યોને જે ઉતેજન આપે છે, અને મંડળ એક ઉપયોગી સંસ્થા કેમ થઇ પડે તેવી લાગણી બતાવ્યા કરે છે તેથી આ પુસ્તક અમો અમારી "**જ્ઞાતીનેજ**" ઘણા માન સહીત અર્પણ કરીએ છીએ.

લી૦ જ્ઞાતિ સેવકો,

વલભદાસ જમનાદાસ—ઉત્પાદક,

ગોકળદાસ લીલાધર—પ્રમુખ.

હરજીવન હીરજી } સેક્રેટરીઓ
જમનાદાસ ધારશી }

વલભદાસ કાળીદાસ ખજાનચી.

મોતીચંદ જગજીવન

ગોવીંદજી નથુભાઇ

શામજી કલ્યાણજી.

વ્યવસ્થાપક કમીટિ.

શ્રી વી. સો જ્ઞા. વ. મં. મુંબઇ.



वसुदेवं सुतं देवं, कंस चाणुरं मर्दनम ।
देवकी परमानंदम, कृष्णं वंदे जगत गुरुः ॥

સાસરે જાતી પુત્રીને માતા તરફની શીખામણ.



વિજ્યા દશમીનો માંગલીક દિવસ દરેક સંસારી વર્ગને વણ પુછયા મુહુર્તનો દિવસ ગણાય છે, તેથી ગયા માહા માસમાં પરણાવેલી પુત્રીનું તેના સાસરા તરફથી આણું આવેલું છે, અને પુત્રીને વળાવવાને કુટુંબીક સ્ત્રી સમાજ એકઠો થએલો છે, માતાએ કપડાનો ત્રંક તૈયાર કીધો અને ભાભીએ પોતાની નણંદનો ખોળો નવાં ફળોથી ભર્યો, અને કપાળમાં માંગલીક પીર કાઢી, પુત્રીનો કંઠ ગદગદ થઇ ગયો, આંખો આંસુથી ભીંજાઇ અને તેના બિંદુ ગૌર ગાલપર ટપકવાં લાગ્યાં.

મા ! માડી ! ! જાઊંછું ! ! ! એ એકજ વાકય તે પુત્રીના મોઢામાંથી મંદ સ્વરે માંડ માંડ નીકળવા પામ્યું. ઈચ્છા છતાં તે વધારે બોલી શકી નહીં. કેમકે તેના કોમળ હૃદયમાં ઠસી રહેલો માતૃ પ્રેમ છુટતો નહોતો. દીકરીને ગળગળી થએલી જોઇ માતાનું હૈયું પણ ભરાઈ આવ્યું, અને તેણે પોતાની વ્હાલી પુત્રીને ઘણાજ વહાલથી છાતીસાથે ચાંપી અને પછી પુત્રીને ગદગદ કંઠે કહેવા લાગી કે, વહાલી દીકરી ? અત્યારે તું તારા મનમાં જરાપણ ખેદ પામીશ નહીં તુંને સાસરે જાવામાં વિલંબ થાશે માટે સુખેથી જા અને તુંને મકરસંક્રાતીની પરવણીપર પાછી વહેલો વહેલી તેડાવી લઈશ હો. આંસુથી ભીંજાએલી તારી આંખો સાફ કર, મનમાં કશું દુઃખ આણીશ નહીં. તારી સાસુ સરળ સ્વભાવની દયાળુ અને ખરેખરી એક સદગુણી સ્ત્રી છે, અને તારા સુભાગ્યેજ તે તને મળી છે, જગતમાં એની જોડી બીજી નથી.

આજ કાલ આપણા સંસારમાં એવો ખોટો ખ્યાલ બેસી ગર્યો છે કે સાસુ અને નણંદો કઠોર વચનો બોલનારી હોય છે પરંતુ આવા ખોટા અને કલ્પિત વિચારો તારા મનમાં કદી લાવીશ નહીં. કેમકે હે પુત્રી ! એક હાથે તાળી પડતી નથી—જો કે દરેક ઠેકાણે સાસરીયાનો સમુદાય રૂચીકર હોતો નથી પણ તેને રૂચીકર બનાવવો તે ત્યાં તારા ગયા પછી તારીજ ફરજ છે કેમકે:—

(૧) મીઠાં અને મધુર વચનો બોલવાથી સામો પડઘો પણ એવોજ મીઠો અને મધુર સંભળાય છે. જો કડવાં વેણ બોલીએ તો પ્રતીધ્વની પણ કડવોજ સંભળાય છે. જો આપણે બીજાનું દીલ દુખવીએ તો તેના બદલામાં આપણે તીરસ્કારજ ખમવો પડે છે.

(૨) સાસરે જઇને લાજ મર્યાદાથી રહેજે, તારી જે ફરજો હોય તે પુરેપુરી બજાવજે, સાદાઇ અને સલુકાઇથી વરતજે, ફલાણું આપો અને ઢીકણું અપાવો એવો નકામો હઠ તું કોઇ પણ દિવસ કરીશ નહીં, ભોજન વખતે તારા ભાણામાં જે કાંઇ પીરસાય તે રૂચીના પ્રમાણમાં જમજે. આ સર્વે લક્ષણો લોકોમાં પ્રિય થઇ પડવાને બહુ ઉપયોગી છે.

(૩) તારા ઘરનાં વડીલ માણસો, સસરો, સાસુ, જેઠ, જેઠાણી વીગેરે જે મોટેરાં હોય તેની સાથે ઉંચે સ્વરેથી બોલીશ નહીં અને તેઓનો પડતો બોલ તરતજ ઉપાડી લેજે.

(૪) સવારમાં સર્વેની પહેલાં ઉઠજે, અને રાત્રે સર્વેના સુતા પછી સુજે, ઘરના વાસણો માંજીને સાફ ચળકતાં કર્યા વગર રહીશ નહી. અને ઘરના બીજા કામકાજોમાં કદી પણ આળસ કરીશ નહીં.

(૫) તારાથી બની શકે એવાં ઘરને લગતાં દરેક કામો તું પ્રસન મનથી કરજે, નાનાં બાળકોને નિદ્રા આવે ત્યારે તેમને સંભાળથી સુવાડજે અને તેઓની પાસે બેશી મધુર સ્વરથી હાલરડાં ગાજે.

(૬) ઘરના નાના બાળકોને રોજ સારી રીતે ગરમ પાણીથી નવડાવીને સ્વચ્છ રાખજે. પછી ધોએલાં વસ્ત્ર પહેરાવજે અને બાકીનાં તેની નીયમીત જગ્યાએ રાખજે. ઘરની જગ્યા, પોતાનું શરીર અને છોકરાં એ ત્રણે ગંદા હોય તો તે લોકોમાં દુષણ રૂપ લેખાય છે અને તે અનેક રોગને ઉત્પન થાવાનું કારણ ગણાય છે માટે સ્વચ્છતા અને ચોખ્ખાઇ એ દરેક સ્રીને માટે માહા ભુષણરૂપ છે.

(૭) પ્રભાતમાં વહેલી ઉઠી ઘરને ઝાડી ઝુડી સાફ કરજે પછી નહાઇ ધોઇ પ્રથમ ઊંબરની પુજા કરી ત્યાં સાથીઆ પુરજે અને તે એવી ચતુરાઇથી પુરજે કે આવતા જાતા દરેક માણસો એ ઘડી જોયા કરે.

(૮) તુલશી કયારાની હમેશા પુજા કરી સંભાળ રાખજે કે તેને જોતાંજ મન પ્રસન્ન થાય. વળી પુલના ઝાડને પણ રૂડી રીતે ઉછેરજે, અને જ્યારે તેને ફુલ આવે ત્યારે ખીલેલાં ફુલો વીણી લઇ તેનો સુંદર હાર તથા વેણી ગુંથજે.

(૯) માથાના આગળના વાળ એવી રીતે ઓળજે અને અંબોડો એવી રીતે બાંધજે કે તારી સભ્ય સ્રીમાં તુલના થાય, કપાળમાં કંકુનો ચાંદલો શ્રધા રાખીને કરજે, અને તે વળી છેક નાનો પણ નહી તેમ તદન મોટો પણ નહીં, એવી મધ્યમ રીતે કરજે કે તે લોકોમાં સજ્જનતાની છાપ પાડે.

(૧૦) કેટલીક ઉછાછળી છોકરીઓ જેમ કાંચળી કસકસતી પહેરે છે, તેમ તું એવા ઢોંગ શીખશ નહીં, સાદી તથા સભ્યતાવાળી રીત ધારણ કરજે. અને રૂડી રીતે ચાલી પીયર તથા સાસરીયાંની કુળની કીર્તિને નિત્ય વધારતી રહેજે.

(૧૧) ઘણાં ઘરેણાં પહેરવાની તૃષ્ણા તું રાખીશ નહીં, સૌભાગ્યના ચિન્હ જેટલો શણગાર સજી મનમાં હમેશાં સંતોશ માનજે અને પતીની સેવા ચાકરી ઉમંગથી કરવી, તેની આજ્ઞા પાળવી, અને તેની સાથે નમ્ર વચનથી બોલવું; એજ સ્ત્રીઓનો ખરો શણગાર છે, એજ ભુષણ રૂપ છે, એવા વિચાર હમેશાં કરતી રહેજે.

(૧૨) ગૃહ કાર્ય વિગેરેના કામકાજોમાંથી પરવારીને અવકાસના વખતમાં દીવસના સુવાની ટેવ તું રાખીશ નહીં પણ ઝબલાં, ટોપીઓ, ચણીઆ, અને ચોળીઓ, વીગેરે હાથથી બની શકે તેવી દરેક વસ્તુઓ તું શીવવાનું જરૂર શીખજે કેમકે સ્ત્રી જાતીએ કદી નવરાં બેસવું નહીં એ વાત તું ભુલીશ નહીં.

(૧૩) "સતીને પતિ વીના બીજો દેવ આ લોકમાં નથી" એવી દ્રઢ ભાવના તારા ચિત્તમાં હમેશા જાગૃત રાખજે, વિવાહને કેટલાંક અજ્ઞાન લોકો ભારે વજનની બેડી સમજે છે, પણ ખરૂં જોતાં તે એક અમૃતનો પ્રવાહજ છે.

લગ્ન વખતે જે મંગળ ફેરા ફરવામાં આવે છે અથવા સ્વસ્તિ વાચન કરવામાં તથા જે હવન વીગેરે કરવામાં આવે છે તે સ્ત્રીના કલ્યાણ થવા માટે છે તેમજ લગ્ન થવા અગાઉ જે વાગ્દાન (વેશવાળ) થાય છે તેજ દિવસથી પોતાના સ્વામીનું ભલું ઇચ્છવું.

(૧૪) લગ્ન વિધિ વખતે શાસ્ત્ર તરફથી જે સદ્‌બોધ સ્ત્રીને મળે છે તે દરેક સ્ત્રીઓએ પોતાના પ્રાણથી પણ વધારે કિમતી ગણીને ગોખી રાખવા જેવો હોય છે; માટે એ ઉપદેશ ઘણા માન સાથે માથે ચઢાવીને મનમાં તેનું વારંવાર સ્મરણ કર્યા કરજે.

(૧૫) લગ્નનું ચોઘડીયું વીતી જવાની ફીકરમાં લોકો સઘળી રીતે ઉતાવળ કરી મેલે છે અને મંત્ર ભણતાં બ્રાહ્મણોનાં વચનો પુરાં સાંભળવાની કે સમજવાની કોઇ દરકાર કરતાં નથી. તે વખતે જે જે પવિત્ર મંત્રો ભણાય છે તેનો ખુલ્લો અર્થ કોઇ વરકન્યાને સમજાવવાની ખાસ કાળજી રાખતા નથી. હે પુત્રી! એ મંત્રોનું રહસ્ય જે હું જાણું છું તે તુંને કહું છું તે શાંત ચિતે સાંભળ, કેમકે તે તને કલ્યાણકારક છે.

જ્યારે વિવાહ થાય છે તે દિવસે કન્યાદાન સંકલ્પ થયા પછી હોમ થાય છે અને મંગળફેરા પૂરે છે. પછી જે સપ્તાચલનું પૂજન કરે છે તેને સપ્તપદી કહે છે. તેનું કારણ એજ છે કે પતિપણું ત્યારે સિદ્ધ થાય છે તેને માટે કહ્યું છે કે—

नोदकेन न वा वाचा कन्याया पतिरिष्यते ॥
पाणिग्रहणसंस्कारात् पतित्वं सप्तमे पदे ॥

કેવલ જલ આપવાથી અથવા બોલવાથી કન્યાને પરણનાર પુરૂષ (વર) પતિ કહેવાતો નથી. પરંતુ જ્યારે (**पाणिग्रहण**) વિવાહને દિવસે સપ્તપદીનું પૂજન થાય ત્યાર પછી તેને પતિ કહેવાય છે. કારણ કે સપ્તાચલ પૂજન કરતી વખતે પરણનાર પુરૂષ એવો સંકલ્પ કરે છે.

[कन्यापतित्वसिध्यर्थं सप्ताचलपूजनमहंकरिष्ये परिगृहीत)

વિવાહને દિવસે આ ઉપરથી આમ સિદ્ધ થાય છે કે સપ્તાચલનું પૂજન કર્યા પછી પરણનારો પુરૂષ પતિશબ્દને પામે છે.

अथएनां उदीचीं सप्तपदानि प्रक्रामति ॥

(अथ) પ્રાજાપત્ય હોમ થયા પછી પરણનારી કન્યાને ઉત્તર દિશામાં ઉભી રાખી દરેક ઢગલીને જમણા પગવતી સ્પર્શ કરાવે છે તેમાં પ્રથમ પગલે વર પોતાની સ્ત્રી પ્રત્યે બોલે છે.

एकमिषे विष्णुस्त्वानयतु ॥ १ ॥

હે સખિ, સર્વ પુરૂષાર્થના સાધનભૂત મુખ્ય ભુલોક રૂપસ્થાન પરમાત્મા પ્રાપ્ત કરો, એટલે આ ભુલોકમાં સઘળાં સૌભાગ્ય મેળવવા માટે અને મારા ઘરના અન્ન વસ્ત્ર ઘરબાર વિગેરે સંભાળવા માટે તું મારા ઘરની અધિષ્ટાતા થા.

द्वेऊर्ज्जे विष्णुस्त्वावानयतु ॥ २ ॥

હે સખિ. ભુર્લોક અને ભુવર્લોકના સ્થાનમાં બલવાન કરવા માટે પરમાત્મા સહાય થાઓ. કારણ કે તારા બળથી મારા બળની વૃદ્ધિ થશે.

त्रीणि रायस्पोषाय ॥ ३ ॥

હે સખિ ભુર્લોક ભુવર્લોક અને સ્વર્લોકના સ્થાનમાં ધનની વૃદ્ધિ થવા માટે મારા ઘરમાં તું અધ્યક્ષ થા.

चत्वारिमायोभवाय० ॥ ४ ॥

હે સખિ ચોથું જે મહર્લોકનું સુખ અને ત્રણ લોક ભુર્લોક વિગેરે તેમાં સુખરૂપ રહેવા માટે તું મારા ઘરની અધ્યક્ષ થા.

पंच पशुभ्यो० ॥ ५ ॥

હે સખિ ભુર્લોક ભુવર્લોક સ્વર્લોક મહર્લોક અને જનલોક આ પાંચલોકના સ્થાનોમાં પરમાત્મા તને પ્રાપ્ત કરો, જેથી ઘરના પશુઓની સંભાળ તું રાખી શકે.

षट् ऋतुभ्यो० ॥ ६ ॥

હે સખિ ભુર્લોક, ભુવર્લોક, સ્વઃ, મહા, જન, અને તપો લોકના સ્થાનમાં છ રૂતુનું સુખ તારી જોડે પ્રાપ્ત થાવો.

सखे सप्तपदा भव० ॥ १ ॥

હે સખિ ઉપરના કહેલા છલોક અને સાતમું સત્ય લોકમાં પણ મારી સાથે પ્રતિવ્રતા ધર્મ પાળી, સુખ ભોગવનારી થા. આ પ્રમાણે સપ્તપદીની મિત્રતા એક એકમાં બંધાય છે. ત્યારથી સ્ત્રી પોતાના પતિને આધીન રહે છે. જે પ્રમાણે પરણેલો પુરૂષ સ્ત્રીને સાત પ્રકારની

મર્યાદા પાળવા કહે છે, તેજ પ્રમાણે નિચેના ૭ શ્લોકો બોલી સ્ત્રી તેને પ્રતિજ્ઞા કરે છે. હે સ્વામિનાથ ! તમારા ઘરમાં રહી હું આ પ્રમાણે વર્તીશ.

त्वत्तोमेऽखिल सौभाग्यं पुण्यैस्त्वं विविधैःकृतैः
देवैःसंपादितों मह्यं वधूराद्ये पदे ऽब्रवीत् ॥ २० ॥

હે પ્રાણનાથ, તમારાથીજ આ જગતમાં મને સૌભાગ્ય મલ્યું છે. અનેક પ્રકારના પુણ્ય કરવાથી અને દેવતાઓના પ્રસાદથી તમારા જેવા સ્વામીને હું પરણી છું. આ પ્રમાણે પ્રથમ પગલું ભરતી વખતે કન્યા બોલે છે.

कुटुंबं पालयिष्यामि ह्यावृद्धबालकादिकं ॥
यथा लब्धेन संतुष्टा ब्रूते कन्या द्वितीयके ॥ २१ ॥

હે સ્વામી, તમારા કુલના વૃદ્ધ પુરૂષોનાં વચન પાળી તેઓની આજ્ઞામાં રહિ તેઓનું તથા બાલકોનું અને કુટુંબનું રક્ષણ કરીશ. (અને જે પ્રમાણે) તમને ધન મળે તેનાથી હું રાજી રહીશ, પરંતુ તમને ખોટું લાગે એવું વચન હું બોલીશ નહીં. આ પ્રમાણે બીજું પગલું ભરતી વખતે બોલે છે.

मिष्टान्नव्यञ्जनादीनि काले संपादये तव ॥
आज्ञासंपादिनी नित्यं तृतीये साब्रवीत् वरं ॥ २२ ॥

વખતે વખતની સારી ઉત્તમ રસોઇ કરી તમને તથા તમારા કુટુંબને ભોજન કરાવીશ. અને તમારી આજ્ઞા હમેશાં પાળીશ. આ પ્રમાણે ત્રીજું પગલું ભરતી વખતે બોલે છે.

शुचिः शृगारभूषाहं वाङ्मनः कायकर्मभिः
क्रीडिष्यामि त्वया सार्धं तुरीये सा वदेत् वरम्

હમેશાં પવિત્રપણે રહીશ, અને સૌભાગ્યના શણગાર ધારણ કરી મન, વાણી તથા સતકર્મ કરી તમને પ્રસન્ન કરીશ. તથા તમારૂં શુભ ચિંતન કરીશ. આ પ્રમાણે ચોથા પગલામાં બોલે છે.

दुःखे धीरा सुखे हृष्टा सुखदुःखविभागिनी ॥
नाहं परनरं गच्छे पंचमे साब्रवीत् पतिम् ॥ ३४ ॥

તમને કોઇપણ પ્રકારનું દુઃખ આવી પડયું હોય તે વખતે તમને ધીરજ આપીશ. અને તમને સુખ વખતે પ્રસન્ન થઇશ. એટલે તમારે દુઃખે હું દુઃખી અને તમારે સુખે હું સુખ પામીશ. તેમજ કોઇપણ વખત પર પુરૂષની ઇચ્છા હું નહીં કરીશ આ પ્રમાણે પાંચમાં પગલાં વખતે બોલે છે.

सुखेन सर्वकर्माणि करिष्यामि गृहे तव ॥
सेवां श्वशुरयोश्चापि बंधूनां सत्कृतं तथा ॥ ९९ ॥

यत्र त्वं वा अहं तत्र नाहं वंचे प्रियं क्वचित् ॥
नाहं [illegible]येण[illegible]न्याहि कन्या षष्टे पदेऽब्रवीत् ॥ २६ ॥

તમારા ઘરનું કામ સારી રીતે કરીશ તેમજ બગડતી ચીજોને સાફ રાખીશ. તમારા માતા પિતાની સેવા કરીશ, તથા તમારા ભાઇ ભાંડુને પણ કોઈ દિવસ ખરાબ વચન નહીં કહીશ. તેમજ જ્યાં તમે જશો ત્યાં હું આવીશ પરંતુ તમારાથી જુદી રહીશ નહીં અને તમારૂં ગમે તેવું રૂપ હોય અને કોઇ પુરૂષ તમારા કરતાં સારો દેખાવડો હોય તોપણ તેને મોહ પામી તમારો ત્યાગ નહીં કરૂં. આ પ્રમાણે છઠા પગલા વખતે બોલે છે.

होमयज्ञादिकार्येषु भवामि च सहायकृत् ॥
धर्मार्थ काम कार्येषु मनोवृत्तानुसारिणी ॥ २७ ॥
सर्वेऽत्र साक्षिणस्त्वं मे पतिभूतोऽसि सांप्रतम् ॥
देहोमयार्पितस्तुभ्यं सप्तमे साब्रवीत् वरम् ॥ २८ ॥

યજ્ઞ વિગેરે કાર્યોમાં તથા દેવતાની પૂજાના જોઇતા સામાનની તૈયારી રાખીશ. ધર્મ. અર્થ, તથા કામ, આ ત્રણે પુરૂપાર્થમાં તમારી આજ્ઞા પાળીશ. વળી હે સ્વામિન્ આ અગ્નિ સમક્ષ તથા બ્રાહ્મણ અને સગા વહાલા સમક્ષ હવે તમે મારા પતિ થયા છો, અને આ મારો દેહ પણ તમને અર્પણ કર્યો છે માટે તમારી આજ્ઞાનો ભંગ કદાપી કરીશ નહીં. આ પ્રમાણે સાતમે પગલે બોલે છે.

(૧૬) હે દીકરી ! ઉપર જણાવ્યા પ્રમાણે તારા પતિ સાથે લગ્ન સમયે જે જે કોલકરાર થયા છે. અને જે જે પ્રતિજ્ઞાઓ લેવાઇ છે, તેને તારી જીવન દોરી [illegible] તું જાળવી રાખજે અને એજ ધોરણને અનુસરીને ઘર સંસારમાં તારૂં આચરણ સરલ તેમજ પવિત્ર રાખજે.

(૧૭) વડીલોની આજ્ઞા માથે ચઢાવીને ભકિત સહીત એમની સેવા કરવી; દેર તથા દેરાણી માટે મનમાં અદેખાઇ લાવવી નહીં; જેઠ તથા જેઠાણી માટે મળતાવડો સ્વભાવ રાખજે, અને તારા સાસરીયાના ઘરના ધન-વૈભવને જોઇ તું અભિમાનથી મનમાં પુલાઇ જઇશ નહીં, અથવા તંગી જોઇને કદી પણ અકળાઇ જઇશ નહીં.

(૧૮) ધર્મ અને નીતિના ઉપદેશના પુસ્તકોનું પુરસદની વેળાએ વાંચવાની ટેવ રાખજે. પરંતુ દંત કથાઓ તથા શૃંગાર રસથી ભરેલાં નાટકોની ચોપડીઓને તું હાથ પણ લગાડીશ નહીં, પણ કોઇ કોઇ વાર નિર્દોષ ગીતો ગાતી રહેજે, અને નવાં નવાં ગીતો શીખતી પણ રહેજે.

(૧૯) પુત્રી ! તારા ધણીની આવકનો વિચાર કરીને તેના પ્રમાણમાં ઘરનો ખર્ચ રાખજે અને જો તેમ નહીં કરે તો આગળ જાતાં તુંને દ્રવ્ય સંબંધી સંકોચ ભોગવવો પડશે. પુરૂષ વર્ગમાં ઘણું કરીને ઝીણી નજર હોતી નથી. પણ ઘટતી હદમાં કરકસર રાખવી એ સ્ત્રીઓને લાભકારક છે. અને તે સ્ત્રી વર્ગની ખાસ ફરજ છે.

(૨૦) ઘરના નોકર વર્ગની સાથે તું એવી કુશળતાથી વરતજે કે તારા માટે તેના મનમાં માનની લાગણી રહે. અને ઘરના આવક તથા ખરચનો હિસાબ બરાબર રાખજે. અને હે પુત્રી "ગૃહણી" એ નામનું સારી રીતે સાર્થક કરી તેને શોભાવજે.

(૨૧) બજાર ભાવની અંદર કેટલીકવાર જાણુવા જોગ વધઘટ થઇ જાય છે, ત્યારે નફા નુકશાનનો વિચાર કરી અનાજ વીગેરે ઘર ઉપયોગી વસ્તુઓ તું સંઘરી રાખજે, ધનનો ઉપયોગ યોગ્ય વખતે કરીને તું ઉદાર ગણાજે, પણ ઇશ્વરે ધન આપ્યું છે માટે સાહસ કરી અકાળે દીવાળી કરીશ નહી, (એટલે ઉડાવી દઇશ નહીં.)

(૨૨) ટીપે ટીપે સરોવર ભરાય છે. અને કાંકરે કાંકરે પાળ બંધાય છે. તેમ એકેક પૈસો ભેગો કરવાથી ગરીબ હોય તે પણ ધનવાન થાય છે; માટે આ સઘળું સમજી લઇને ઘર સંસારના ખર્ચમાં યોગ્ય સુધારો કરજે.

(૨૩) તારી શકિત પ્રમાણે તારા હાથથી દાન–ધર્મ કરતી રહેજે, કેમકે પરોપકાર જેવું બીજું પુન્ય નથી, અનાથ નિરાધાર અને અપંગ લોકોને અન્ન તથા વસ્ત્ર આપી તેના દુઃખી આત્માને સંતોશ આપતી રહેજે.

(૨૪) તારા ઘરની જે કુળ પરંપરાની રીત ચાલી આવી હોય તે તું પણ શ્રધાથી ચલાવતી રહેજે. તેનું રહસ્ય સમજ્યા વગર તેને વગોવવાની ભુલ કરીશ નહી, વળી જે જે વૃત તથા નિયમો કુટુંબમાં ચાલતા આવ્યા હોય તે જ ધોરણે તું પણ ચલાવજે. અને જ્યાં ભકિત છે ત્યાં ઇશ્વર સદા વસે છે, એમ નકી માનજે.

(૨૫) તારી શાંતીને છોડીશ નહીં. રીસાઇને બેસીશ [illegible] રીતે વરતીશ નહીં, લાજ મર્યાદા તજીશ નહી, કામ વીના નવરી બે[illegible] નહીં, ક્રોધ ઉપજે એવાં વચન બોલીશ નહી હઠ કરવાનું શીખીશ નહી; [illegible]માં છાનું છાનું ખાવાની ટેવ રાખીશ નહી. એકલી કયાંય અજાણ્યે ઠેકાણે જઇશ નહીં. અને પરપુરૂષ સાથે વાત કરવાની ટેવ રાખીશ નહીં તથા મશ્કરી વહેવાર પણ રાખીશ નહી. આ હિત વચનો સોનાના મુલ્યનાં સમજજે.

(૨૬) પુત્રી! આ લોકની અંદર પતિ એજ "સ્ત્રીનો દેવ" છે. એ વાત કદી પણ ભુલીશ નહી, એ પતિ રૂપી દેવની કૃપાથીજ સ્ત્રીઓને સર્વે સુખો મળે છે. માટે તારા પતિની આજ્ઞા પાળવામાં સદા તૈયાર રહેજે. અને અંતરથી સાચો પ્રેમ રાખીને તારૂં મન તથા તન પતીનેજ અર્પણ કરજે.

(૨૭) પતીવૃતાપણા જેવો બીજો ઉતમ ધર્મ સ્ત્રી જાતીને માટે નથી, પતીની સેવાથી સ્રીને આ લોકમાં સુખ અને પરલોકમાં ઉતમ ગતી મળે છે, પતી અને પત્ની એક વિચારનાં થઇ સલાહ સંપથી આ સંસાર ચલાવે તો તે સંસારરૂપી સમુદ્રને સ્વર્ગના સુખોથી પણ અધીક સુખને પામે છે.

(૨૮) મારી વ્હાલી પુત્રી ! એક અગત્યની વાત તારા અંતઃકરણમાં મજબૂત કોતરી રાખજે તે એ છે કે તને અમે જે કંકણુ (ચૂડો) આપેલ છે. તે અખંડ સૌભાગ્યને માટે કન્યાદાનમાં તારા જીવનના અભ્યુદયને માટે આપ્યો છે તે તારા પતી દીર્ઘાયુ રહેવાના ચિન્હ રૂપેજ તારે કાયમ રાખવો પરંતુ આજના ચાલતા રીવાજ પ્રમાણે તેનો ત્યાગ કરી કાચની બંગડી કદી પણ પહેરીશમાં, કેમકે બંગડીમાં અખંડ સૌભાગ્ય નથી; તે વિધવા અથવા હલકાં વરણનેજ પહેરવાનો હક છે. કદાચ મોટાં બલોયાં પસંદ ન આવે તો હાથીદાંતની નાની નાની ચુડીઓ પહેરજે પણ કંકણુનો ત્યાગ કરીશમાં, કારણ કે જે સૌભાગ્યનું ચિન્હ વંશપરંપરાથી હાથીદાંતજ છે. પોતાના પતિ પ્રત્યે જે સ્ત્રીઓ ભકિતભાવથી વરતે છે. તે સ્ત્રીઓ આ દુનિયામાંજ મુકિત અને મોક્ષ મેળવે છે. આથી વધારે તુંને બીજું શું કહું ! એટલુંજ કે તું પણ લોકોની પ્રશંસા મેળવવાને પાત્ર થાજે.

(૨૯) કદાચ કોઇકવાર તારા પતિના મનમાં ક્રોધ ઉપજે, અને તે તુને કડવાં વચન કહે. તો પણ તું તારા મનમાં તેનો ખેદ માનીશ નહીં પણ શાંતી ધરજે. અને પતી તરફથી તુંને કાંઇ અપમાન ખમવું પડે તો પણ તે તું સહન કરી લેજે. પરંતુ તેનો સામો ઉતર વાળીશ નહી.

પતિએ કાંઇ કારણસર મારી હોય તોપણ પોતાના મનમાં ક્રોધ ન લાવતાં ઘરમાં મોટે સાદે રડવું નહીં તથા મોટી બુમ પાડી પતિને પજવવો નહીં, પણ તેની સાથે શાન્ત વચનથી બોલવાની ટેવ રાખવી તેમ ઘરમાંથી રડતાં રડતાં બીજે ઠેકાણે નાસી જવું નહીં.

(૩૦) [illegible] આ મન છે તે અતિ ચંચળ છે, તેને વીવેક રૂપી પાસથી એટલે સારાસાર આ દોરીથી તું બાંધીને કબજે રાખજે. અને જે કાંઇ મળે તેમાં સંતોષ માન કેમકે સંતોષમાંજ સર્વ સુખ સમાએલું છે.

(૩૧) વહાલી પુત્રી ! વખત બહુ થઇ ગયો છે. તેથી હવે સુખેથી જા અને તારા માટે તૈયાર રાખેલા વાહન એટલે ગાડીમાં બેસ. હવે તારા મનમાં જરા પણ દિલગીર થઇશ નહીં.

(૩૨) માતાએ રજા આપવાથી સાસરે જવા માટે વસ્ત્રો તથા આભૂષણો સજીને ઉભેલી બાળા પોતાની જનનીના ચરણને આંસુથી ભીંજાએલી આંખો સહીત નમન કરી ગાડીમાં બેઠી. ગાડી જેમ જેમ દુર જતી ગઇ, તેમ તેમ તે તરફ માતા એકી નજરે જોવા લાગી. સાસરે જાતી પુત્રીનાં નેત્ર રડીરડીને લાલચોળ બનેલાં છે. અને માતાના અંતરમાં રમી રહેલા એ વખતના વિચારોનો ચિતાર એ અથવા એવી માતાઓ શીવાય આબેહુબ રીતે બીજું કોણ આપી શકે તેમ છે. કન્યાને લઇ જાતી એ ગાડી ધીમે ધીમે દેખાતી અદ્રષ્ય થઇ. અને માતા પણ આંસુથી ભીંજાએલી આંખો વસ્ત્ર વડે લુછતી ઘરમાં પાછી ફરી.

કૌટુમ્બિક સ્વાસ્થ્ય અથવા આરોગ્ય.

" ગૃહસ્થાશ્રમ રૂપી મહેલ એ શારિરીક આરોગ્યના અને
માનસિક શાંતિના પાયા ઉપર મજબુતપણે ઉભો રહે છે."

માનસિક શાંતિ તથા શારીરિક આરોગ્ય સંબંધમાં સાસરે જતી પુત્રીઓને શીખામણ.

પુત્રીઓ ! બહેનો ! પરણીને સાસરે ગયા પછી એટલે ગૃહસ્થાશ્રમની નવી જીંદગીમાં પગ દીધા પછી તમારા ઉપર શી શી જવાબદારીઓ આવે છે, તે તમો જાણો છો ! તમારા માબાપોએ તમને તે માટે કાંઇ દિશા બતાવી છે ! તમારે ગૃહિણી બનવાનું છે અને ઘરનો કારભાર ચલાવીને વડિલો, કુટુંબીઓ, સંબંધીઓ અને સમગ્ર જનસમાજ પ્રત્યે તમારે ઘણી ફરજો બજાવવાની છે, એ વાત તમને સમજાવવામાં આવી છે ? હાલના હિંદી સંસારમાંથી ગૃહસ્થાશ્રમના ઉતમ ભાવોની અને ફરજોની દિશા કાંઇક ભુલી જવાઈ છે. સાસરે જઇ સાસુ સસરાથી સ્વતંત્ર બનવું, સ્વચ્છંદપણે વર્તવું, ખાવું, પીવું અને એશઆરામ કરવો, એમાં જ ગૃહસ્થાશ્રમની સર્વ સફળતા હાલનાં જુવાન જોડાંઓએ માની છે. આવી ભુલ ભરેલી માન્યતાથી સંસારનું ગૌરવ ઘણુંક નષ્ટ થયું છે અને ખરૂં સુખ ખોવાયું છે. માટે તમારે સાસરે જઇને કેમ વર્તવું એ સંબંધમાં હું તમોને થોડી શીખામણો આપું છું ને તમો નિત્ય સ્મરણમાં રાખજો; અને એ પ્રમાણે વર્તશો તો તમારો સંસાર સુખરૂપ થશે. અને ગૃહસ્થાશ્રમ સફળ થશે.

૧. બહેનો ! ગૃહસ્થાશ્રમના ઉંબરામાં પ્રવેશ કરતાં જ તમા [illegible] મારા સાસરીયાંનાં સર્વ મનુષ્યોનું આરોગ્ય કેમ સચવાય તેનો સૌથી પ્રથમ [illegible] કરવો આ વિચારમાં એકલા શારીરિક આરોગ્યનો જ સમાવેશ થાય છે, એમ માનશો નહિ. મનના આરોગ્યનો પણ તેમાં સમાવેશ થાય છે, કેમકે મનની શાંતિ વિના શરીરનું ખરૂં આરોગ્ય મળી શકતું જ નથી.

૨. આરોગ્ય કાંઇ એકલા ઔષધથી મળતું નથી, આરોગ્ય માત્ર સારાં ખાનપાનથી જ મળે એવું કાંઇ નથી, ચોખી હવા, ચોખું પાણી અને અજવાળું મળે એટલે સંપૂર્ણ આરોગ્ય મળી ચુકે. એમ પણ કહેવાય નહીં; આરોગ્ય માટે આ સર્વ વાતો જરૂરની છે જે, પણ મારે તમને એક વિશેષ વાત કહેવી છે. એ વાત ઉપલી સર્વ વાતો કરતાં પણ વધારે જરૂરની-વધારે મહત્ત્વની છે, મનની શાંતિ એ ગુણ આરોગ્ય માટે બહુ જ જરૂરનો છે. શાંતિમાં ઘણી વાતો આવી જાય છે, એમાંની કેટલીક વાતો હું કહું છું, તે તમે ધ્યાનથી સાંભળોઃ—

(૧) તમારે ઘરમાં કોઇ દિવસ ઉંચે સાદે બોલવું નહિ, ઘરમાં કોઇની સાથે આકરા સ્વભાવથી કે ક્રોધથી બોલવું નહિ.

(૨) તમારા ઉપર કોઈ ક્રોધ કરે કે તમને કાંઇ કડવું વચન કહે તો તે શાંતિથી સહન કરી લેવું, અને એ ક્રોધરૂપી અગ્નિ બળતો હોય તેમાં વધારે કડવાં વચનરૂપી ઘી હોમીને બળતાને વધારવું નહિ, પણ શાંતિ, સહનતા અને મીઠાં વચનોરૂપી પાણી રેડીને એ ક્રોધને શાંત કરવો. તમે તેમ નહિ કરો તો કલેશરૂપી અગ્નિ મોટા ભડકામાં સળગશે અને તમારા આખા ઘરની શાંતિનો અને સુખનો નાશ થશે.

(૩) બહેનો ! તમે 'વશીકરણ' સંબંધી વાત સાંભળી છે ? અજ્ઞાન લોકો કહે છે કે આ વહુએ તો પોતાના પતિને વશ કર્યો છે, અને તેનો પતિ તથા સાસુ સસરો વગેરે ઘરનાં સૌ વહુનેજ દેખે છે અને તેનુંજ માનેછે એમ બોલીને વધારે એમ પણ કહે છે કે વહુએ કાંઇ કામણ કર્યું છે, અજ્ઞાન લોકો વશીકરણનો આવો અવળો અર્થ કરે છે. પણ હું તમને કહું છું કે તમો તમારા રૂડા સ્વભાવથી, મીઠાં વચનોથી, અંતઃકરણના ખરા પ્રેમભાવથી અને આજ્ઞાંકિતપણાથી તમારા પતિને તથા સાસુ સસરા વગેરે સઉને પ્રસન્ન રાખો, એ જ વશીકરણ વિદ્યા છે અને એ વશીકરણ વિદ્યા કુલીન વધુઓનો મોટો શણગાર છે. તમારે તમારા પતિની તથા સાસરીઆંની પ્રીતિ મેળવવી હોય તો સારો સ્વભાવ, શાંતિ, સહનતા, અને સર્વના ઉપર પ્રેમ, એટલા સદ્‌ગુણો ધારણ કરવા, અને એ જ ખરૂં 'વશીકરણ' છે.

(૪) બહેનો ! પુત્રીઓ ! તમે પ્રેમની મૂર્તિઓ છો; નિર્મળ પ્રેમ અને પ્રણય એ જ તમારો ખરો શણગાર છે. તમે સર્વત્ર સર્વના ઉપર પ્રસન્ન ચિત્ત રાખો એટલે [illegible] ઉપર સૌ પ્રસન્ન રહેશે. મધુરતાનો બદલો મધુરતા છે, અને કડ[illegible] કડવાસ છે, એ વાત તમારે કદિ પણ ભુલવી નહિ.

[illegible] ઇર્ષ્યા અથવા અદેખાઇ એ તંદુરસ્તીનો મોટો શત્રુ છે. જે ઘરમાં સ્ત્રીઓ એકબીજાની ઇર્ષ્યા કરીને બળે છે તેમનાં શરીર વગર અગ્નિએ સુકાતાં જાય છે. માટે કોઈની અદેખાઇ કરશો નહિ. બીજાનુ સુખ દેખીને તમો સુખી થજો. દેરાણી, જેઠાણી કે પડોસણને સુખી જોઇને રાજી થજો.

૩. બહેનો આવી રીતે શાંતિથી, પ્રેમથી અને સરલ સ્વભાવથી તમો સૌની સાથે વર્તશો તો મનની શાંતિ સાથે તમારા શરીરની પણ શાંતિ રહેશે અને તમે અનેક દરદોમાંથી મુક્ત રહેશો. કલેશ અને કંકાસથી અનેક દરદો પેદા થાય છે, અને પછી સંસાર ખારો ઝેર થાય છે. એ વાત ખાત્રીથી માનજો.

૪. મનની શાંતિ એટલે તંદુરસ્તી માટે તમને કેટલાક નિયમો કહેવા છે. તેમાં સ્વચ્છતા સુઘડતા એ સૌથી પહેલો નિયમ છે. બહેનો ! વસ્ત્રાલંકાર એ શરીરને જેટલી શોભા આપે છે તેના કરતાં સુઘડતા વધારે શોભા આપે છે, એટલું જ નહિ પણ અનેક દરદોમાંથી શરીરને બચાવી લે છે.

૫. તમે તમારૂં શરીર અને તમારાં વસ્ત્ર ચોખાં રાખો; તેની સાથે તમારા ઘરમાં પણ સર્વત્ર ચોખ્ખાઈ રાખો. ઘરનાં ભોંયતળીયાં, ઘરનાં વાસણ, રસોડું, વગેરે નિત્ય સંપુર્ણ સાફ કરવાં, પતિને પહેરવાનાં કપડાં નિત્ય તપાસવા અને મેલા પેરણ અને ખીસ્સામાં રાખવાના રૂમાલ, અને ઓછાડ રોજ હાથે ધોઇ નાંખવાં; બીજાં મેલાં કપડાં ધોબીને ધોવા આપવા જુદાં કાઢવાં; દેરાણી જેઠાણીનાં કે ઘરનાં બીજાં નાનાં બાળબચ્ચાંઓને રોજ પ્રીતિથી નવરાવવાં અને તેમને ચોખ્ખાં કપડાં પહેરાવવાં.

૬. ઘરનું આંગણું, ઘરની ખાળ, મોરીઓ અને કુંડીઓ રોજ રોજ તમારે જાતે સાફ કરવી. આવા કામમાં તમારે જરા પણ કંટાળો લાવવો નહીં, કેમકે જો એ સર્વમાં ગંદકી થશે તો આખા ઘરની આરોગ્યતાને નુકશાન પહોંચી જશે. ઝાડો પેસાબ સાફ નહીં આવવાથી જેમ બેચેની રહે છે અને શરીર બગડે છે, એવી જ રીતે ઘરની ખાળો, અને કુંડીઓ સાફ ન રહેવાથી ઘરની હવા બગડીને આખા ઘરનાં માણસોનાં શરીરને બગાડે છે.

૭. બહેનો ! ઘરની ખાવા પીવાની વસ્તુઓ અને સીધા સામાનને તૈયાર કરવો, એ તમારૂં મુખ્ય કામ છે, પણ તે કામમાં ઘણી જ સંભાળ રાખવાની જરૂર છે. વારંવાર બજારમાંથી જે વસ્તુઓ ઘરમાં આવે છે તેમાં ધુળ. માટી, કાંકરા, લીંડીઓ, વગેરે અનેક નુકશાનકારક અને ગંદી વસ્તુઓ ભળેલી હોય છે. દાણોદુણી જાતે સંભાળપૂર્વક સાફ કર્યા વિના તમે દળશો નહિ કે દળવા દેશો નહિ. કે. રસોઇના કામમાં લેશો નહિ. જે દાણો બજારમાંથી વેપારીની વખારમાંથી ઘરમાં આવે છે તેમાં જનાવરોનાં મળમૂત્ર, કૂતરાં બિલાડાંની વિષ્ટા, ઉંદરોની [illegible] ઉંદરોનો પેશાબ–ઇત્યાદિ અનેક પ્રકારની ગંદકો મળેલી હોય છે. જો તમે [illegible] ઉંચા નિયમોને સમજી શકો અને પાળી શકો તો આવો બજારૂ દાણો [illegible] વિના, કે છેવટ કપડેથી મસળી કાઢી તાપમાં રાખ્યા વિના કદિ પણ ઉપયોગ [illegible]વો નહિ.

૮. રસોઈ તૈયાર કરવામાં ઘણી જ સ્વચ્છતા રાખવી, એ તમારૂં ઘણું જ અગત્યનું કામ છે, ખોરાક જીંદગીને જરૂરની વસ્તુ છે, પણ એ જ ખોરાક સ્વચ્છતાથી તૈયાર ન થાય તો જીંદગીને નુકશાન પણ કરી નાખે છે. રસોઇનાં વાસણો ઘણાં જ ચોખ્ખાં હોવાં જોઇએ; ઉતમ પ્રકારની કલઇ દીધેલાં હોવાં જોઇએ, રાંધેલા ચોખાની તપેલી કે ખાધેલી થાળી બરાબર ઉટકાય નહિ. તો તેમાં ચોંટી રહેલા જરા જેટલા એઠવાડમાં બીજે દહાડે અસંખ્ય જંતુઓ પેદા થાય છે અને એ થાળીમાં ખાવાથી એ જંતુઓ ખાનારના પેટમાં જઈ અનેક દરદો પેદા કરે. બહેનો ! આ વાત નજીવી કે હસવા જેવી નથી. બ્રાહ્મણ વગેરે ઉચ વર્ણના લોકો આ પ્રકારની વધારે સુઘડતા અને પવિત્રતા પાળે છે, તેનું એ જ કારણ છે.

૯. રાંધેલું અન્ન જલદી બગડવા લાગે છે, માટે બનતાં સુધી વાસી અન્ન તમે તમારા ઘરનાં માણસોને આપશો નહિ. નરમ ખોરાકમાં વધારે જલદી ફેરફાર

થવા લાગે છે, માટે તે તો બે વખત તાજો જ રાંધી આપવો; વળી રાંધેલો ખોરાક ઉઘાડો જરા વાર પણ રાખવો નહિ, કેમકે માંખીઓ વગેરે જંતુઓ પોતાની મુંઢમાં, પગમાં અને પાંખોમાં, અનેક પ્રકારની ગંદગી લાવીને ખોરાકમાં મૂકે છે. ઘરની અને રસોડાની સ્વચ્છતા એવાં જંતુઓને દુર રાખે છે, ફુવડ સ્ત્રીઓના રસોડામાં માંખીઓ બણબણતી હોય છે. માટે તમારૂં રસોડું અને ભોજનશાળા એવાં સ્વચ્છ રાખો કે માંખીઓ આવે જ નહિ.

૧૦. બહેનો ! ઘરનાં માણસોને માટે રસોઇ કરવી, એ તમારાં સર્વ કામોમાં મુખ્ય કામ છે. અને તેથી તે કામમાં બીલકુલ કંટાળો નહિ લાવતાં ઘણાંજ ઉત્સાહથી અને આનંદથી તે કામ તમારે કરવું. તમો રસોઇ જેટલા આનંદથી અને પ્રેમથી કરશો એટલો તેમાં વધારે સ્વાદ ઉત્પન્ન થશે. આ વાત અનુમાનની નથી, પણ ખરી છે. રસોઈ કરતાં કરતાં તમારે બીજી કુથલી કે કલેશની વાત કરવી નહિ. પણ તમારૂં બધુ લક્ષ રસોઇના કામમાં જ રાખવું, અને " મારા પતિને માટે તથા સાસુ સસરા માટે સુંદર રસોઈ તૈયાર કરી તેમને પ્રસન્ન કરૂં " એ જ તમારો સંકલ્પ હોવો જોઇએ, અને રસોઇ કરતાં કરતાં આ સંકલ્પ જેટલો વધારશો એટલી વધારે મીઠાશ તમારી રસોઇમાં આવશે, એ વાત સત્ય કરીને માનજો.

૧૧. બહેનો ! તમે તમારા મનમાં માણસોને ઘણા પ્રસન્ન ચિત્તથી જમાડજો, પીરસતાં પીરસતાં તમારા મનમાં ઉતમ ભાવો તેમાં નાંખતાં જજો, " આ ભોજન મારા પતિને તથા મારાં સાસુ સસરા વગેરેને અમૃતરૂપ થજો " એવા તમારા મનના સંકલ્પ[illegible] કીંમત કેવડી મોટી છે, તે તમો જાણો છો ? તમે તમારા ઘરની [illegible]થી છે, અને જે ઘરમ આવા ઉતમ ભાવવાળી દેવીઓ વસે છે તે [illegible]ા વાસ છે, એમ શાસ્ત્રકારો પણ કહે છે.

૧૨. બહેનો ! ભોજન તૈયાર કરવાના સંબંધમાં એક બીજી અગત્યની વાત તરફ તમારૂં લક્ષ દોરૂં છું, આપણાં કુટુંબોનો પુરૂષ વર્ગ ખાવા પીવામાં મોટે ભાગે સ્ત્રી વર્ગની સતા નીચે છે. તમારા ઘરના માણસોની તન્દુરસ્તીની આખી ચાવી તમારા હાથમાં છે, તમે ધારો તો તેમને સાદા, મિતાહારી અને સાત્વિક પ્રકૃતિનાં બનાવી શકો છો, તમે ધારો તો તેમને બહુ ખાનારાં; સવાદીઆં અને તામસી પ્રકૃતિનાં પણ બનાવો ! બહેનો ! જે ઘરની સમજુ સ્ત્રીઓ આ વાતને સમજી શકે છે તેઓ પોતાની સમજણનો ઉપયોગ કરીને ઘરનાં માણસોના ખાનપાન ઉપર સારો અંકુશ રાખી શકે છે, દુર્ભાગ્યે એવી શાણી સ્ત્રીઓ હાલમાં થોડી જોવામાં આવે છે; ખાનપાનની શરીર ઉપર અને મન ઉપર શું અસર થાય છે, તેનું ઘણીખરી સ્ત્રીઓને જ્ઞાન નથી, અને તેનું પરિણામ કુટુંબની આરોગ્યતા ઉપર ઘણું ખરાબ આવેલું છે, તમારે રસોઈમાં પ્રવીણ થવું જોઇએ, અને એ પ્રવિણતાનો ઉપયોગ આખો દિવસ જીભના સ્વાદ ઉપર નહિ ચલવવો, પણ તમારા ઘરના માણસોની તન્દુરસ્તી પુરતો કરવા એ મારી તમોને ખાસ ભલામણ છે.

૧૩ અતિ ગળ્યા કે મીઠા પદાર્થો નાનાં મોટાં સૌની હોજરીને બગાડે છે અને પાચનશક્તિને મંદ પાડે છે. અતિ તીખા, અતિ ખારા. અને અતિ ખાટા પદાર્થો લોહીને તપાવે છે અને આંતરડાના રસોને બગાડીને ચામડીના ઘણાં દરદો પેદા કરે છે, ઘરનું એક માણસ ખાટા ઓડકારની ફર્યાદ કરતું હોય છે, બીજું માણસ ગળધરી બળ્યાની ફરીયાદ કરી રહ્યું હોય છે, ત્રીજું માણસ પેટમાં પવન પકડવાની ફરીયાદ કર્યા કરતું હોય છે, ત્યારે ચોથું માણસ ખરજવું. ખસ, લુખસ કે શીળસ જેવા લોહી બીગાડની ફરીયાદ કરતું હોય છે; આ દરદો શું છે? આ દરદો તમારા રસોડામાંથી જ તેમને વળગે છે, એ વાત તમે નિશ્ચય કરીને માનજો માટે બહેનો, પુત્રીઓ! તમે ખાવા પીવામાં સાત્વિક અને સાદી થજો અને તમારા ઘરનાં માણસોને પણ સાત્વિક, સાદાં અને નિરોગી બનાવજો; એ જ આ સર્વ વાતનો સાર છે.

૧૪. હજી એકાદ ઉપયોગી વાત કહેવી બાકી છે. આપણાં કુટુંબોમાં આગ્રહ અને તાણ કરીને ખવરાવવાનો ખરાબ ચાલ પડયો છે. આ ચાલ ઘણો જ નુકશાનકારક છે. જે સ્ત્રીઓ ઘરનાં માણસોને તાણ કરીને લલચાવીને વધારે ખવરાવે છે તેઓ હીત શત્રુ છે અર્થાત, કરવા જાય છે હેત પણ કામ શત્રુનું કરે છે. હું તે તમને ત્યાં સુધી પણ સલાહ આપું છું કે ઘરનાં જે બેખબરાં માણસો ખાવામાં કોઇ જાતનો અંદાજ ન રાખતાં ખાખા કરતાં હોય તેમના ઉપર તમારે ઉલટો અંકુશ રાખવો; તેમની બહુ ખાવાની ટેવ ધીમે ધીમે છોડાવવી, અને તેમની તબીયતને માફક આવે એવો અને માફક આવે એટલો જ ખોરાક આપવાની ખબરદારી રાખવી એ પણ તમારૂં કામ છે.

૧૫. બહેનો! સારીરિક આરોગ્ય અથવા તંદુરસ્તીના [illegible] ામાં ભારે અજ્ઞાન ચાલે છે. એ વિષયમાં વિસ્તારથી કહેવા જેટલી અ [illegible] નથી. તોપણ તમને અમારી સલાહ એ છે કે કુટુંબમાં કોઇ પણ માંદુ [illegible] તમે ઘણી હોંસથી તેની સારવાર કરવા મંડી જજો. મોટી મોટી હોસ્પીટલોમાં એ કામ (નર્સ) પરિચારિકા એટલે માંદાની માવજત કરનાર સ્ત્રી. તમારૂં સ્ત્રીઓનું હૃદય બહુ કોમળ અને દયાળુ હોય છે અને તેથી પુરૂષો કરતાં તમો સ્ત્રીઓ આ દયાના કામને માટે વધારે વિશ્વાસપાત્ર છો. કુટુંબોમાં તમે પોતે પરિચારિકા છો, પણ તે કામ જેટલું અગત્યનું છે એટલું જ જોખમનું અને જવાબદારીનું છે, માટે કુટુંબોની વિશ્વાસપાત્ર પરિચારિકા બનવા માટે તમારે પરિચર્યાનાં એટલે દરદીની સારવાર સંબંધી ઉપયોગી પુસ્તકો વાંચીને તેનું સારૂં જ્ઞાન મેળવવું જોઇએ અને તમારે દરેક ઉત્તમ પરિચારિકા બનવું જોઇએ.

૧૬. દરદોના સંબંધમાં કેટલીક વહેમની વાતો કુટુંબોમાં અને અજ્ઞાન સ્ત્રીઓમાં ઘુસી ગઇ છે. માણસોને—પુરૂષોને સ્ત્રીઓને કે બાળકોને--જે જે દરદો થાય છે તે તેમનું શરીર મન બગાડવાથી જ થાય છે. વહેમ વળગાડની વાતોને

તમે માનશો નહિ. પાખંડી બાવા ફકીર કે ઠગ લોકોની વાતને સાંભળશો નહિ. વહેમી અને મૂર્ખ સ્ત્રીઓની વહેમની વાતોને તમો કાને દેશો નહિ.

૧૭. બહેનો તમારા ઘરમાં કોઇ માંદુ પડે કે તમે ઝીણી નજરથી તેનો વિચાર કરવાની ટેવ રાખજો. ઘરમાં મંદવાડ શું કારણથી આવ્યો તેનો તમે તપાસ કરતાં રહેજો. ખરાબ હવા, બહુ તાપ, બહુ ટાઢ, ખરાબ પાણી અંધારૂં અને ખાવા પીવામાં બેદરકારી, એ મંદવાડનાં મુખ્ય કારણો હોય છે. માટે એ સર્વ વાતો તરફ તમે બારીક લક્ષ આપીને તપાસ કરવાની આદત રાખજો.

૧૮. બહેનો ! હવા, અજવાળું અને પાણી એ ત્રણ વસ્તુની કીંમત આપણાં અજ્ઞાન કુટુંબો ભૂલી ગયાં છે. તમે એ ત્રણે વસ્તુનો મહિમા પુનઃ તમારા ઘરમાં સ્થાપજો. એ ત્રણેને આપણા શાસ્ત્રકારોએ દેવ તરીકે માન્યાં છે; પણ એ દેવોનું સ્વરૂપ આપણે સમજયાં નથી, દેવોનું નિત્ય પૂજન કરવું જોઇએ અને તેને તેના રોજરોજ ઉપાસના કરવી જાઇએ.

૧૯. બહેનો ! આપણે સૌ સવારમાં ઉઠીને દાતણ કરીને સૂર્ય દેવનાં દર્શન કરીએ છીએ અને તમો સ્ત્રીઓ તો મીઠડાં પણ લો છે., પણ શા માટે લો છો તે તમો સમજો છો ? એ સુર્યદેવ આપણા પ્રાણ છે, આપણી જીંદગીનું રક્ષણ કરવાવાળા છે; માટે એ દેવનાં કિરણો તથા તડકાનું સેવન કરવુ; એટલુંજ નહિ પણ બારી બારણાં મારફત તમારા ઘરમાં પણ એ દેવને પધરાવવા. ઘણીક અજ્ઞાન સ્ત્રીઓ પોતાના ઘરનાં બારી બારણાં બંધ કરીને અંધારે ગોંધાઇ રહે છે અને સૂર્ય ભગવાનનો ઉલટો અનાદર કરે છે, સ્ત્રી વર્ગ આવા અજ્ઞાનથી અંધારા ઘરમાં ગોંધાઇ રહી ઘણાં[illegible]થી પીડાય છે.

[illegible] પ્રાણ છે. આ પ્રાણવાયુની સામે તમે તમારા ઘરનાં બારી બારણાં બટો[illegible]ની કદિ પણ મુર્ખાઇ કરશો નહિ, અજ્ઞાન સ્ત્રીઓ હવા એટલે પવનથ[illegible], પણ તેમને ખબર નથી કે તે તો આપણા પ્રાણ છે. હવા તથા તાપ વિના જેમ કુમળાં ઝાડ કરમાઇ જાય છે તેમ હવા તથા અજવાળા વિના નાનાં બચ્ચાંઓ કરમાઇ જાય છે અને મરી જાય છે, મોટી ઉમરનાં માણસો પણ પુરતી ચોખી હવા નહિં મળવાથી માંદા પડે છે. માટે તમારી તથા તમારા ઘરના માણસોની તંદુરસ્તી જાળવવા માટે તમારા ઘરમાં **મરુત્** એટલે પવનના દેવને રાત દીવસ આવવા દેજો અર્થાત તમારા વસવાના ઘરમાં આ દેવનો સદૈવ સત્કાર કરજો.

૨૧. બહેનો ! નદી તથા તળાવને કાંઠે જઇ ગંગાસ્નાન કરો છો અને વારંવાર તેનાં દર્શન તથા મીઠડાં લો છો ! પણ તેનો અર્થ શું ? માત્ર પાણીને કાંઠે જઇ તેનાં મીઠડાં લેવાં અને સ્નાન કરવું. એટલું બસ નથી. એ દેવનો બધો મહિમા તમારે સમજવો જોઇએ. સ્વચ્છ પાણી આપણી જીંદગીનું એક જીવન છે; તે તરસને મટાડે છે, એટલુંજ નહિ; તે સર્વ ઔષધોનું ઔષધ છે; સર્વ પ્રકારનાં પાપોને ધોનારૂં અને સર્વ જાતની મલિનતાનો નાશ કરનારૂં અમૃત છે, એ **વરુણ** દેવને એટલે જળને બગાડવાનું શાસ્ત્રમાં પાપ અને પ્રાયશ્ચિત લખ્યું છે, બહેનો !

તમે આ દેવની જળાશય ઉપર જઈ ભલે નિત્ય પુજા કરો અને કંકુ તથા ચોખાવડે તેને વધાવો! પણ એ દેવને તમારે ઘેર પણ એવી જ પવિત્રતાથી પધરાવજો; તેને તમારા ઘરમાં અપવિત્ર થવા દેશો નહિ. ચોખામાં ચોખા પ્રાતઃકાળમાં નિર્મળ જળને તમારે ઘેર પધરાવો, માંજેલાં પવિત્ર પાત્રમાં તેનું રક્ષણ કરો, અને સંપુર્ણ ભક્તિથી એ દેવનું સેવન કરો; તમે સમજ્યાં ! આ પવિત્ર પાણીનો તમે પ્રેમથી અને છુટથી ઉપયોગ કરીને તમારાં શરીર, તમારાં વસ્ત્ર, તમારાં ઘર અને ઘરનાં સર્વ માણસોના મેલ પાપને ધોવામાં તેનો છુટથી ઉપયોગ કરજો અને કરવા દેજો આ દેવનો અનાદર કરશો નહીં. એટલે ઘરમાં સ્વચ્છ પાણી ભરી મુકવાની કંજુસાઈ કરશો નહિ !


૨૨. બહેનો ! પાડોશી, મેમાન કે પરદેશી તમારે ઘેર આવે તેનું સન્માન કરજો. ગૃહસ્થાશ્રમ પરોપકારને માટે છે. જો ગૃહસ્થાશ્રમનો મહિમા સમજીને વર્તશો તો ગૃહસ્થાશ્રમ વડે તમે ઘણું અને ઘણાનું કલ્યાણ કરી શકશો, બીજાઓનું કલ્યાણ કરવું, એ જ ગૃહસ્થાશ્રમીનો મુખ્ય ધર્મ છે અને એ કલ્યાણમાં તમારા પોતાના કલ્યાણનો સમાવેશ થઇ જાય છે.

૨૩. બહેનો ! જે ગૃહસ્થાશ્રમમાં તમો પ્રવેશ કરો છો તે ગૃહસ્થાશ્રમ કેવો હોવો જોઇએ, તેને માટે નીચેનું શુભાષિત રત્ન ભાંડારકારનું વચન સાંભળો:—

सानंदं सदनं सुतास्तुसुधियः कांताऽमृतं भाषिणि ।
इच्छाज्ञानधनं स्वयोषिति रतिः स्वाज्ञापरा सेवक.
आतिथ्यं शिवपूजनं प्रतिदिन मिष्टान्नपानं गृहे ॥
साधोः संगमुपासते हि सततं धन्या गृहस्थाश्रम

કવિ શું કહે છે? તે કહે છે કે "જે ઘરમાં આનંદ એટલે હર્ષ અને ખુશાલીનો વાસ હોય, જે ઘરના પુત્રો સારી બુદ્ધિવાળા હોય, જે ઘરની સ્ત્રીની વાણી અમૃત જેવી મીઠી હોય, જે ઘરમાં જ્ઞાન એજ ધન મનાતું હોય; જે ઘરમાં પોતાની પત્નિ ઉપર પ્રેમ હોય, જે ઘરમાં ચાકરો આજ્ઞાંક્તિ હોય, જે ઘરમાં અતિથિની એટલે મેમાનની સારી બરદાસ થતી હોય, જે ઘરમાં રોજ શિવનું એટલે કલ્યાણનું પુજન થતું હોય, અર્થાત બીજાઓનું કલ્યાણ કેવી રીતે કરવું તેનો જ જે ઘરમાં વિચાર ચાલતો હોય, જે ઘરમાં મધુર અન્નપાન થતાં હોય, જે ઘરનાં માણસોને નિત્ય સાધુ એટલે સજ્જન પુરૂષોનો સમાગમ થતો હોય તે ઘરને અને તે ગૃહસ્થાશ્રમને ધન્ય છે !

પતિ સેવાની પદ્ધતિ
યાને
સ્ત્રીઓનું કર્તવ્ય.



(રાગ પુનમ ચાંદનીનો) ગરબી.

બેની માત પીતાએ સોંપ્યો તેજ ધણી ખરોરે,
બીજા બધા જાણવા પુરૂષો તે પાષાણ,
સહીયર પતિ એજ પરમેશ્વર છે સંસારમાંરે.

સાખી.

વશ તેને વર્તિ રહો, સાચો એજ ઉપાય.
ધારણ આ વૃતને કરે તે શાણી કેવાય,
કારણ વગર જવું નહી બહાર કદી ઘરમાં થકી રે
એથી ઘટે આપણો માન અને મરજાદ— સહીયર.


કામ કાજ ઘરના સહુ કરવા તુરત તમામ
[illegible]ા નવ રાખવી સુફળ થશે સૌ કામ,
[illegible] સાથે વાત વીગત કરવી નહી રે.
[illegible]ાની છીદ્ર ઘરમાનું તે પણ ક્યાંય.— સહીયર.
[illegible], પણ [illegible] પતિએ ઉઠવું ઉદય થતાની વાર
[illegible]લ ઉનું મુકયા પછી સ્વચ્છ કરો ઘરબાર.
હાજર રહી સમયસર નવરાવો શુભ રીતથી રે.
કરવી સામગ્રી પુજાની સહુ તૈયાર— સહીયર.

ભાત ભાતના ભોજનો સમય સમય અનુસાર,
વીવીધ રચેલા રાયતાં દહીં દુધ ઘૃત સાર.
પીરશો પાપડ ભજીયા વડા તળેલા તેલથીરે.
કેરી લીંબું હળદી ગુંદા ગરમર સાર— સહીયર.

પીરસો બેસી પાસમાં, કલેશ કરો સૌ દુર
એ રીતે જે વર્તશે, બેન ખરી બહાદુર.
બીડા પાન સોપારી દૈ પંખો કરમાં ધરીરે,
પ્રીતે પવન કરો તો પતી પ્રસન્ન થાય. **સહીયર.**

પતી સેવાની પદ્ધતિ પ્રગટ કરી આ ઠાર.
પ્રીતે વાંચે પ્રેમદા તો સુધરે સંસાર.
માટે કૃપા કરીને વાંચો, જનુની પ્રીતથી રે
એવી સત્ય વચન શુભ કથન કરે જયરામ.
સહીયર પતી એજ પરમેશ્વર છે સંસારમાંરે.

(જયરામ ભાગલીઆ)



" સાસરીયુ. "

(ઢાળ-ઓધવ નંદનો છોરો તે નમેરો થયોરે લોલ.)


સખી સાસરીયું સ્નેહ સમુ ધામ છેરે લોલ,
સુખ શાંતિ તણું વિશ્રામ છેરે લોલ.... સખી૦

મુજ સાસરાજી દયા દેવ તાતજીરે લોલ,
સ્નેહ--સાસુડી માતસમાં શોભતાંરે લોલ;
મુજ નણદી સુખોની આરામ છેરે લોલ,
સખી સાસરીયું સ્નેહ સમું ધામ છેરે લોલ.

મુજ દેર જેઠ ક્ષમા સત્વ રૂદ્ર છેરે લોલ,
જેની સીળી છાયાં અદભુત છેરે લોલ;
કંથ કોડીલો પ્રેમ પ્રભુ કહાન છેરે લોલ,
સખી સાસરીયું સ્નેહ સમુ ધામ છે

દયા ધર્મ તણું રાજ્ય રૂડું શોભતુંરે લોલ,
સંપ સ્નેહ તણું તેજ સદા ઓપતુંરે લોલ;
સદા સુન્દરી જીવન તણું ગામ છેરે લોલ,
સખી સાસરીયું સ્નેહ સમું ધામ છેરે લોલ.

(રાસમન્દિર ગો. દુ. રા.)



લગ્ન પ્રતિજ્ઞા.

વર—સહચારીણિ તુંજ છો, સુખ દુઃખમાં સંસાર,
જતન કરી હું જાળવીશ, ગુણયલ ઓ ગૃહનાર.
કન્યા—મુજ જીવનની દોરી છો, ભવસાગરની નાવ,
સ્નેહ થકી હું સાચવી, લઇશ અનુપમ લ્હાવ,

વર—કુટુંબ પોષક માનુની, ગૃહણી સુશિલ નાર,
ઉત્તમ મિત્ર ગણી તને, ઉતરીસ હું ભવપાર.

કન્યા—પૃથ્વીપરના મુજ પ્રભુ, સ્વામિ સાચા દેવ,
શાંતી સ્નેહ સુમન ધરી, કરીશ નિત્યે સેવ.

વર—વફાદારીને સત્યનો, પઢીસ નિત્યે પાઠ,
પત્ની વૃત પાળી રહુ, જન્મ મરણની સાથ.

કન્યા—પતિવૃતાના ધર્મનો, સજી સહુ શણગાર,
સદ્ગુણ આભુષણ ધરી, ચાલીસ હું સંસાર.

વર—લગ્ન તણા શુભ હેતનું, ધરી હમેશાં ધ્યાન,
પ્રસન્ન રાખીને સર્વદા, દઈશ સ્નેહ સન્માન.

કન્યા—વેલ સમી વળગી રહું, નાથ વૃક્ષની સાથ,
સુખ દુઃખમાં સંતોષથી, ધરી નાથ સંગાથ.

વર—કલેશ સદા કડવો કરી, ભુલી સઘળા વાંક,
સંપ ધરીને ચાલશું, [illegible] સાંતે આક.

કન્યા—નોકર ચાકર સર્વથી, વર્તન ઉત્તમ સાર,
પતિ કૃપાથી પામીશું, શિક્ષણ સહુ સંસાર.

વર—ક્ષમા દયાને પ્રેમનો, જાપ જપી દિન રાત,
સુંદરી [illegible] ચાલશું, કરી સત્યનો સાર.

[illegible]મન્દિરે સર્વદા, ધરી નાથનું ધ્યાન,
[illegible] વચનને કર્મથી, બનીશ હું નીષ્કામ.

ધાર્[illegible] બીજાની ન્યુનતા, પુર્ણ કરીશું સાથ,
પણ [illegible] ક્રમના માર્ગમાં, પતિ પત્ની સંગાથ.

કન્યા— કુ[illegible] પાંખોથી ઉડશું, વિશ્વવ્યોમ મોઝાર,
જન્મે જન્મ મળો મને, આપ પતિ ભરથાર.

(રાસ મન્દિર ગો હુ. રા.)


સદ્ગુણ તથા નિતીના ગરબાઓ.

શીખામણની ગરબી.

રાગ—અચકો મચકો કારેલી.

એક સખી શીખામણ દેછે બેન,—સાંભળજો સૈયર મારી.
હિતકારક તમને તે છે બેન, સાંભળજો;
જાઓ સાસરીએ જ્યારે બેન, સાંભળજો.


થાજો બહુ ડાહ્યાં ત્યારે બેન, સાંભળજો.
સાસુજી કહે તે કરીએ બેન, સાંભળજો.
કદી કલેશ ન કરીએ જરીએ બેન. સાંભળજો.
સઘળાંને નમતાં રહેજો બેન, સાંભળજો.
બહુ લાહાવ સંપનો લેજો બેન, સાંભળજો,
મેણાં નહીં મારો મુખથી બેન, સાંભળજો.
છે અનુભવ એવા દુઃખથી બેન, સાંભળજો.
સુવું નહીં પતીની પહેલાં બેન, સાંભળજો.
નહીં રાખો તન—મન મેલાં બેન સાંભળજો.
પતિને પરમેશ્વર માનો બેન સાંભળજો.
તેનાથી સઘે સુખ પામો બેન સાંભળજો.
કાને આ અરજી સુણજો બેન સાંભળજો.
કેશવને ભાવે ભણજો બેન સાંભળજો.



સંપથી રહેવું તે વિષે ગરબી.

રામ લક્ષમણ વન સીધાવતાં—એ રાગ.


સંપી રહેજો બેની તમો સહુ મલી, તજી દેવી અયોગ્ય જે ચાલ.
ઉછરતી છો બાળ, સૈયર આ
સંપી રહેલી દીસે બેની સાસરે, જુઓ તેનો જઇ
કેવો છે પ્રકાશ, સૈયર આ સંસ.
ધન્ય માત તેની તમો જાણજો, જેણે સંપનો કર્યો ફેલ.
સફળ તેનો દાવ, સૈયર આ સંસાર. ૨
વેરી ડરતા રહે દેખી સંપને, નીંદા કરતાં દીઠા નહીં હોય,
લજ્જા શાને ખોય, સૈયર આ સંસારમાં.... ૩
મરજાદ મુકી નવ ચાલવું. સંપી રહેવું સદા [illegible] માંહ્ય,
સુખી તો થવાય, સૈયર આ સંસારમાં.... ૪
નણંદ સાસુ જેઠાણી સુલક્ષણી, તેને કદીએ દેવી નહીં ગાળ,
વચન મારૂં પાળ, સૈયર આ સંસારમાં.... ૫
સત્ય જાણી એવી રીતથી વરતશો, પ્રભુ પુરણ કરશે કામ,
કહે જયરામ, સૈયર આ સંસારમાં.... ૬



કેળવણી લેવા વિષે ગરબી.

રાગ—બંગલાનો.

શું કરશે સારૂં બેન, કોરી કેળવણી,
સદ્‌ગુણની નહી જો હોય, સાથે મેળવણી— ટેક
ગીતો સુંદર ગાતાં શીખ્યાં, ભૂગોળ ભણ્યાં ભાવે રે.
સારૂં મજાનું ગાંતાં શીખ્યાં, ભુલ ન એ કે આવે—કોરી કેળવણી ૨.
પાંખા પટકુળ પહેરી અંગે, ઘણાં ઘરેણાં ઘાલીરે.
દેશ દેશની વાતો કરતાં, શીખ્યાં પાડી તાળી-- કોરી કેળવણી ૩.
ખાટ પલંગ ખુરશી એ બેઠાં, મોજમજા બહુ માણીરે,
દીન જનોને દુખીયા દેખી, દયા ન દીલમાં આણી— કોરી કેળવણી ૪
હક સ્વામીના સરખો લેતાં, દેતાં સહુને ડારોરે.
સ્વતંત્રતાનો સ્વાદ ચાખતાં, શીખ્યાં કેવો સારો-- કોરી કેળવણી ૫
કેળવણીનો અર્થ ન સમજે, આજ કાલનાં લોકોરે,
તેથી પાછળથી પસ્તાઇ, પછી મેલશે પોકો-- કોરી કેળવણી ૬.
બાળ યુવા વૃધાવસ્થાને, સફળ કરે જે બહેનોરે,
તો આ વિશ્વ વિશે લીધેલો, સફળ જન્મ છે તેનો-- કોરી કેળવણી ૭.
સુખ થાવા સરવે સજનીને, બોલ વિચારી કહું છું રે.
સમજી લેજો સાર = નો, આશીશ એવી દઉં છું.-- કોરી કેળવણી ૮




કૃષ્ણ મહિમાનો ગરબો.

તક મહીને મેલી ચાલ્યા કંથરે વહાલાજી—એ રાગ.

છે [illegible]ું કૃપાળુ સુંદર વર ઘનશ્યામરે—વહાલાજી.
કરૂણા સાગર શ્રી કૃષ્ણ તમારૂં નામ-- મારા વહાલાજી ૧
અલબેલાં અંતર જામી રહેજો સહાયરે—વહાલાજી
નૌતમ ગુણ સ્વરૂપ તણા, પ્રેમી જન ગાય—મારા વહાલાજી ૨
વાંસલડીથી વૃજ વનીતા વસ કીધી રે--વહાલાજી
આશીષ વાસુકી નાર તણી પણ લીધી—મારા વહાલાજી ૩
હ્રદય અમારૂં આપ વિના અકળાયરે--વહાલાજી,
આ અંતરની વાતો કોને કહેવાય--મારા વહાલાજી ૪
સ્નેહ તણો આરંભ કર્યો શા માટે રે--વહાલાજી
રઝળાવી મેલ્યાં વનડા કેરી વાટે—મારા વહાલાજી ૫
પ્રથમ કરાવ્યું અમૃત કહેં પાનરે--વહાલાજી
પાછળથી દેવું શું વિખડાનું દાન--મારા વહાલાજી ૬

કપટી કેવા નાથ થયા છો આપરે—વહાલાજી
મુને નડયા તમારા સ્નેહ તણા પ્રતાપ--મારા વહાલાજી ૭
નયણે નીરખું હું કદી હવે જો નાથરે--વહાલાજી
જયરામ કહે ભેટું ભીડી બે હાથ--મારા વહાલાજી ૮



મહાદેવજીના મહીમાનો ગરબો.

પુનમ ચાંદની ખીલી આજે અહીંરે—એ રાગ.

આવો વહાલી બ્હેનો ગરબો ગાઇએ શીવનોરે,
ઉભાં રહીને ગોળ કુંડાળે આજ, હળીમળી ગરબો ગાઇએ સહીયરો
સહુ આપણેરે—ટેક૦

સાખી.

અર્ધાંગે ઉમીયાં ધર્યાં, ગણપતી જમણી પાસ,
સર્પ કંઠમાં શોભતા, છે કૈલાસે વાસ.

સહીયર બળદ ઉપર કરી સ્વારી શિવે હેતથીરે,
સજની ગંગાજી બીરાજે જટા માંહ્ય.... હળીમળી૦

સાખી.


ડાક ડમરૂં છે હાથમાં, નંદી ભૃંગ સાથ,
ખાખ શરીરે ચોળીને, બેઠા શંભુ નાથ.

સખીઓ એવા શીવજી ભજવાથી સુખ બહુ થશેરે,
કાપે કષ્ટ આપણાં ત્રીલોક કેરા નાથ.... હળીમળી૦

સાખી.

બ્હેનો ગરબો શીવનો, ગાયે મન ખુશ થાય,
રટણ કરો તે નાથનું, નક્કી કરશે સહાય.

માટે સ્મરણ કરોને સજની ઉમીયા ઇશનુંરે,
સરવે વદો મુખથી શીવનો જય જયકાર.... હળીમળી૦



શીખામણની ગરબી.

ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાગ.

સહીયર સાચી શીક્ષા મનમાં રાખજો,
ભારે ભવસાગર તરવાને કાજ જો;
લેવા લાભ અનેક ખરા સંસારમાં,
કહું છું હીત કરવાને એક અવાજ જો.... સહીયર. ૧

બાળપણમાં ભણવું ગણવું ભાવથી,
માત-પીતાને ઉપજાવી સંતોષ જો,
આજ્ઞા માત પીતાની નહીં ઉલંઘવી,
બાળપણાના મેલી સઘળા દોષજો.... સહીયર. ૨

પરણી પીયર ન રહેવા મન કરવું કદી,
સદા કરો નિજ સાસરીયામાં વાસજો,
નિજ સાસુની ઉતમ આજ્ઞામાં રહો,
દુઃખ પડે તો ન થાતાં લેશ ઉદાસજો.... સહીયર. ૩

પ્રાણનાથને [illegible]ન ગમતું કરજો સહુ,
નારીનં છે [illegible] ૧ નિજનો નાથ જો,
[illegible] દે તે શાણાં શીખ જો,
[illegible]પર લેજો જોડી હાથ જો.... સહીયર. ૪

[illegible] સાચા ઇશ્વર નિજ નાથ છે,
[illegible]રાણો પણ પુરે છે શાખજો,
છે [illegible]રની સેવા શુભ રીતે કરો,
એ વીણ બીજું સરવે કોરી રાખજો.... સહીયર. ૫

શીખામણ[illegible]ણુસમજુને દેવી પડે,
પણ સાને સમજે જે સમજુ નારજો,
કેશવ થોડામાં સઘળું સમજી જજો,
ડાહ્યાંને શું કહેવું વારંવાર જો.... સહીયર. ૬

માતાપુત્રિ સંવાદ.

એક સદગુણી કુટુંબનું દિગ્દર્શન.

(સાંજના ૩ વાગ્યાનો ટાઇમ છે, માતા પ્રેમકુંવર ઘર કાર્યથી પરવારી પોતાના દીવાનખાનામાં પ્રેમસાગર નામનું કૃષ્ણ ચરિત્રનું પવિત્ર પુસ્તક વાંચવા બેઠેલી છે. બાજુમાં બેચાર પાડોસણો પણ સાંભળવા આવેલી છે, નાનો બાબુ હાથમાં ચાબુક લઇ આમ તેમ દોડાદોડી કરી રહ્યો છે, પુત્ર કીસોરદાસ તથા પુત્રી કાન્તા નિશાળે ભણવા ગએલાં છે. કાન્તાની નિશાળમાં આજે માસ્તરને ઘેર ખુશાલીના પ્રસંગથી વહેલી રજા પડી છે તેથી તે આવીને માતા પ્રત્યે કહે છે—

કાન્તા:—બા! મા !!! શાનું પુસ્તક વાંચો છો. વળી અંદર ચિત્રો પણ બહુ સારાં દેખાય છે હો વારૂ, તેમાં શું શું લખેલું છે તે મને કહેશો કે,

પ્રેમકુંવર:—પુત્રી, આમાં કૃષ્ણ ચરિત્રની વાતો લખેલી છે, પણ તે વાતો સમજવાને હજી તુને વાર છે. જ્યારે તું તારે સાસરે જઈશ ત્યારે આ અને બીજા નીતિનાં પુસ્તકો હું તુને કરીઆવરમાં આપીશ તે તું તારે સાસરે ફુરસુદને વખતે વાંચતી રહેજે, એટલે તે વખતે તુને બધું સમજણમાં આવશે.

વારૂ ? આજે વહેલી નિશાળેથી કેમ આવી.

કાન્તા—આજે અમારાં માસ્તરને ત્યાં પુત્ર જન્મ્યાની ખુર ...થી વહેલી આવી છું. વારૂ પણ આજે જ્ઞાન વર્ધક મંડળ તરફથી કન્યા ...ભેટ આવી છે તે તમે વાંચી જોઇ કે.

પ્રેમકુંવર—અરે નારે મેંતો હજી જોંઇ પણ નથી લાવ જોઉં તે

કાન્તા—(ચોપડી ટેબલ ઉપરથી લઇને આપે છે, અને પ્રેમકુવરવાંચે છે અને કાન્તા નાના બાબુને તેડીને પાડોશમાં લીલાવતીને ઘેર જાય છે.)

લીલાવતી—આવો કાંન્તાબાઇ કેમ તારી બા શું કરે છે.

કાન્તા—બેઠાં છે અને આજે ભેટ આવેલી ચોપડી વાંચે છે. અને પાસે મણીકાકી તથા શારદા માશી વીગેરે પણ બેસીને સાંભળે છે તમારે ઘેર પણ ચોપડી તો આવી હશે અને તમે વાંચી પણ હશે.

લીલાવતી—હા બેન આવી છે તો ખરી પણ અમે કાંઈ તમારી પેઠે ભણેલા છે તે વાંચીએ અમારા ગામડા ગામમાં નિશાળ કયાંથી હોય તે ભણીએ વારૂ તું કેટલામી ચોપડી ભણે છે તુંને તો હવે અક્ષર ઉકેલતા હશે હો તો રાત્રે મારે ઘેર આવી મને સંભળાવીશને

કાન્તા—ભલે ઘણી ખુશીથી આવીશ હું હજી હમણાજ ત્રીજીમાં પાસ થઇ ચોથીમાં પડી છું અને ચોપડીને મોટા અક્ષર હોય તો વાંચી શકું છું.

લીલાવતી—તો ઠીક આજે રાત્રે મારે ઘેર જરૂર આવજે એમ કહી કાન્તાના હાથમાં બાબુ બેઠો છે તેના હાથમાં પેંડો આપે છે.

કાન્તા—અરે રહેવા દયોની ખાંડના હશે તો ઉધરસ થાશે અને મારી બા મને ઠપકો આપશે કે શા માટે પેંડો ખવરાવ્યો.

લીલાવતી—ના ખાંડના નથી સાકરના છે અને તે આજેજ મારી માએ દેશમાંથી મારા કાકુ માટે મોકલ્યા છે માટે કાંઇ હરકત નહીં (બાબુ ખુશી થાતો નાચતો કુદતો પેંડો ખાયછે.)

કાન્તા—વારુ માશી હું જાઉં છું હો, ત્યારે રાત્રે જમ્યા પછી હું ચોપડી વાંચવા આવું કે?

લીલાવતી—ભલે આઠ વાગે આવજે હો. અને તારા માસા નવ વાગે આવશે ત્યાંસુધી વાંચીશું (ઠીક છે એમ કહી કાન્તા પોતાને ઘેર જાય છે.)

કાન્તા—(પોતાની માને) કેમ બા ચોપડી વાંચી કે તેમાં ગરબા પણ દેખાય છે તે વાંચ્યા કે.

પ્રેમકુંવર:—હા બેન, આ ચોપડી તો માતા અને પુત્રી બંનેને ઘણી ઉપયોગી છે સાસરે જાતી પુત્રીને માતા તરફથી શીખામણો આપવાની વાતો લખી છે તે પ્રમાણે દરેક કુટુંબમાં વરતાતું હોય તો આજકાલ ઘણા કુટુંબમાં કલેશ થયા કરે છે. તે થાય નહી એવી શીખામણો છે પણ આજની લાડમાં ઉછરેલી છોકરીઓ આવી શીખામણો પ્રમાણે વરતે તેવું આ જમાનાના‌માં બનતું કઠણ છે.

કાન્તા— પણ [illegible] મો છોકરીઓનો શું વાંક તમે અમોને જેવી શીખામણો આપો તેવી [illegible] ચોપડી તો મારી સાથે લઇ જઇશ ને તેમાં લખેલી દરેક વાતો ખુબ ધ્યા[illegible]પણે વરતીશ.

[illegible] બેન તો તો તારી સાથે તારા માવતરની આબરૂ પણ તારા સાસરામાં વધારના[illegible] જો આ ગરબાઓ છે તે દરેક મોઢે કરવા જેવા છે તે કાલેથી એક એક ગર[illegible] છે [illegible] રહેજે.

કાન્તા—ભલે આજ રાત્રે હું લીલાવતી માશીને ઘેર આ ચોપડી વાંચવા જાવાની છું તો અમો બને જણીઓ સાથે વાંચીને મોઢે કરીશું અને મણી કાકીને ઘેર રવીવારે ગરબાં ગાવાના છે ત્યાં ગવરાવશું પણ ખરા[illegible]

પ્રેમકુંવર—કેમ વળી મણી કાકીને ઘેર શું છે. કે ગરબા ગવરાવે છે.

મણીકુંવર—રવીવારે મારા મગનની વરસગાંઠ આવવાની છે તેથી ગરબા ગવરાવવાનો વીચાર રાખ્યો છે. તો તમે બધા આવજો હો. ગંગા બેન તમે પણ આવજો,

પ્રેમકુંવર—વારૂ ખુશીથી આવશુ એવો દીવસ કયાંથી કે તમારી સાથે અમો પણ લહાવો લઇએ.

કીશોર—(ભણીને આવે છે, અને કપડા કાઢતો કાઢતો કહે છે આજે આ શાની મીટીંગ ભરાણી છે, કાંઇ મીઠુ મોઢુ થાય તેમ છે તો કહેજો.


મણીકુંવર—હા, રવીવારે તુને રજા છે. ને તું તથા કાન્તા મારે ઘેર જમવા આવજો હો.

કીશોર—કેમ કાંઇ ઉજાણી આપવાના છો શું.

મણીકુંવર—ના ભાઇ મારા મગનની વરસગાંઠ આવે છે તેથી એ સગાને જમવાનું કહેશું તથા રાત્રે ગરબા ગવરાવીશું.

(આટલી વાત ચાલે છે, તેવામાં ઘરમાં પુરૂષ વર્ગ આવે છે એટલે બધા સઉ સઉને ઘેર જાય છે.)

(સમાપ્ત)



સેક્રેટરી તરફથી સુચના.

પ્રિય ભાઇઓ અને બહેનો, આ સંસારીક ચીત્ર તમારી સામે રજુ કરવાનું કારણ એટલુંજ છે કે આપણી જ્ઞાતિમાં દરેક કુટુંબ આ સંવાદમાં બતાવેલા કુટુંબ જેવા સદગુણી, ભણેલા—ભણીને સારો ઉપયોગ કરવાવાળા અરસ પરસ સ્નેહ રાખવાવાળા, અને ઘર કંકાસ વીનાના બને તેથીજ લખવામાં આવ્યું છે, તો આ મંડળ તરફથી પ્રથમ આપણી જ્ઞાતિની બાળાઓ પાસેથી ભરત ગુંથણના નમુનાઓ માંગવામાં આવ્યા હતા, અને તે હાલ મંડળના મકાનમાં રાખવામાં આવેલા છે. તેવી રીતે આ બીજા પ્રયાસ તરીકે આ નાનું પણ ઉપયોગી પુસ્તક કે જે ભેટ તરીકે આપવામાં આવ્યું છે તેનો સ્વીકાર કરશો.

વળી જ્ઞાનનો ફેલાવો કરવા મંડળ તરફથી એક લા[illegible] વી છે તેમાં સ્ત્રી ઉપયોગી ઘણાં પુસ્તકો રાખવામાં આવ્યા છે તો દરેક બે[illegible] લેશે. ઉપરાંત આશા રાખીએ છીએ કે આવતા વર્ષે કન્યા કેળવ[illegible] ીન વિષય રજુ કરવા ઇશ્વર અમોને સહાયતા આપો.

તા. ક. જે કોઇ પણ ગૃહસ્થને મંડળ તરફથી નીકળતા આવા ઉપ[illegible]સ્તકો) પ્રગટ કરવામાં મદદ કરવી હોય તેણે કૃપા કરી સેક્રેટરીઓ ઉપર મોકલી આપવી.


ઓંમ શાંન્તિ ! શાંન્તિ !! શાંન્તિ !!!

રચનાર,

(ગો. ન.)



સદ્દગુણી ' ગૃહણી ' ને માટે ગૃહકાર્યમાં વરતવાના નિયમો.



(૧) સવારમાં સર્વે વડીલોની પહેલાં ઊઠવું.

(૨) પતિ નાહીને તૈયાર થાય તે પહેલાં સેવા–પુજાની સામગ્રી તૈયાર કરવી.

(૩) પતિને પોતાને ધંધે જવાના ટાઇમસર સુંદર રસોઇ તૈયાર કરી પૂર્ણ–પ્રેમથી જમાડવા તથા અતિથિ સત્કાર કરવો.

(૪) પછી કુટુંબીક વર્ગને જમાડી પોતે જમવું.

(૫) ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધીનો વખત ભરત–ગુંથણ તથા નીતિનાં પુસ્તકો વાંચવામાં પસાર કરવો.

(૬) રાત્રીનાં ૮ વાગ્યા પછી પુરસદને વખતે પણ દરેક પ્રકારનું ગૃહકાર્ય કરવામાં ચિત્ત રાખવું.

(૭) રાત્રીના ૧૦) વાગે પતી સેવા તથા વડીલ [illegible] સ

(૮) હમેશાં શાન્ત સ્વભાવ સ્નેહ ભરેલી લાગણી તથા વિ [illegible] સને કોઇ દીવસ ઘરમાં પ્રવેશ કરવા દેવો નહીં.

(૯) વડીલોની મર્યાદા માન સહીત જાળવવી.

(૧૦) જરૂરી કામ સિવાય ઘર–બહાર જવાની ટેવ રાખવી નહીં.

(ઉપરના નિયમોને અનુસરીને વરતનાર કુટુંબ આ સંસારમાંજ ' સ્વર્ગનાં સુખો ' પ્રાપ્ત કરી શકે છે.



સર્વે જ્ઞાતિ બંધુ અને બ્હેનોને અગત્યની સુચના.

પોતાની પુત્રીને ભવિષ્યની સદ્‌ગુણી માતા બનાવવાને માટે
કેળવણીની ખાસ જરૂર છે અને તેથી સ્કુલ કેળવણી સાથે
ગૃહ કેળવણી પણ તેમની માતાએ આપવી.

(સતી માતા અનસુયામાં કહ્યું છે કે)

હોય જો માતાઓ ગુણવાન,
ઉચ્છેરે રૂડી રીતે સંતાન.
કરાવે પાય સુધારસ પાન,
દેશને કરવા આબાદાન.

(અનસુયા)

આ [illegible] આ કે.શાવરોમાં મંડલતરફથી ભેટ આપવામાં [illegible] ભાઈઓને પાછલથી બીજી નકલો જોઈતી [illegible]સે શીલક હશે ત્યાં સુધી દર ચાર આનાની કીંમતે સેક્રેટરી પાસેથી મલી શકશે.

લી૦ સેવકો,

વલ્લભદાસ જમનાદાસ-ઉત્પાદક. હરજીવનદાસ હીરજી }
ગોકલદાસ લીલાધર-પ્રમુખ જમનાદાસ ધારશી } સેક્રેટરીઓ.

શ્રી વી. સો. જ્ઞા. વ. મં. મુંબઈ.